For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વોર્ડ 15માં કોંગ્રેસનું ગાણિતું બગડ્યું | કલેક્ટર કચેરીમાં 'ચૂંટણી જંગ' પૂર્વે ફોર્મની કસોટી: સ્ક્રુટિનીના ધમધમાટ વચ્ચે અનેક દાવેદારોના શ્વાસ અધ્ધર

# રાજેન્દ્ર બારોટનું ફોર્મ રદ થતા પક્ષને મોટો ફટકો

**વહીવટી તંત્ર** દ્વારા ઉમેદવારી પત્રોની ઝીણવટભરી તપાસ; વિગતોમાં ક્ષતિ જણાતા અનેક ફોર્મ પર લટકતી તલવાર

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મા હોલ વચ્ચે આજે વડોદરા કલેક્ટર કચેરી ખાતે ભારે ઉત્સાહ અને ગંભીરતાનો માહોલ જોવા મ ળ્યો હતો. ચૂંટણી પંચના નિર્દેશાનુસાર, આજથી ઉમેદવારી પત્રોની ચકાસણી કરવાની મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી હતી. વહેલી સવારથી જ કલેક્ટર કચેરીના વિવિધ ખંડોમાં ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ અધિકારીઓ દ્વારા દરેક ફોર્મની ઝીણવટભરી તપાસ શરૂ કરી દેવામાં આવી હતી. ચૂંટણી લડવા ઈચ્છતા વિવિધ પક્ષોના ઉમેદવારો અને અપક્ષ ઉમેદવારો દ્વારા રજૂ કરવામાં આવેલા ફોર્મમાં દર્શાવેલી વિગતો, સોગંદનામા, મિલકતની વિગતો અને ગુનાહિત ઈતિહાસ જેવી તમામ બાબતોને કાયદાકીય માપદંડો પર ચકાસવામાં આવી હતી. આ પ્રક્રિયા દરમિયાન કોઈ પણ પ્રકારની ક્યાસ ન રહી જાય તે માટે વહીવટી તંત્ર દ્વારા વીડિયોગ્રાફી અને ચુસ્ત પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. ઉમેદવારો અને તેમના પ્રતિનિધિઓની હાજરીમાં જ ફોર્મની ખામીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી અને જે ફોર્મમાં અધૂરી વિગતો હતી તેને નિયમ મુજબ રદ કરવાની તજવીજ હાથ ધરાઈ હતી. લાંબા સમય સુધી ચાલેલી આ લાંબી પ્રક્રિયાના અંતે, ચૂંટણી અધિકારીઓ દ્વારા માન્ય અને અમાન્ય રહેલા ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવી છે. ફોર્મ ખેંચવાની અંતિમ તારીખ બાદ જ ચૂંટણીનું સ્પષ્ટ ચિત્ર સામે આવશે, પરંતુ આજની આ ચકાસણી બાદ અનેક રાજકીય સમીકરણો બદલાય તેવી શક્યતા જોવા મળી રહી છે.

### અન્ય પક્ષો સામે મજબૂત લડત આપવાની તૈયારી હતી

ચૂંટણી જંગ પૂર્વે જ રાજકીય ગરમાવો! વડોદરાના વોર્ડ નંબર 15 માંથી કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતરેલા rajendra બારોટનું ઉમેદવારી ફોર્મ આજે ચકાસણી દરમિયાન રદ કરવામાં આવ્યું છે. આ સમાચાર ફેલાતા જ કોંગ્રેસ છાવણીમાં સોપો પડી ગયો છે. મળતી વિગતો મુજબ, ઉમેદવારી પત્રમાં જરૂરી પુરાવાઓની ખામી અથવા ટેકનિકલ ક્ષતિના કારણે ચૂંટણી અધિકારી દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. એક તરફ ભાજપ અને અન્ય પક્ષો સામે મજબૂત લડત આપવાની તૈયારી હતી, ત્યારે બીજી તરફ મહત્વના ઉમેદવારનું ફોર્મ રદ થતા હવે વોર્ડ 15 ના રાજકીય ગણિતો પૂરેપૂરા બદલાઈ ગયા છે. કોંગ્રેસ દ્વારા આ બાબતે કાયદાકીય વિકલ્પો તપાસવામાં આવી રહ્યા છે, પરંતુ હાલના તબક્કે આ ઘટનાને વિપક્ષ માટે મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે.




સમાજમાં એક તરફ દીકરીઓને સમાન દરજ્જો આપવાની વાતો થાય છે

# ONGC પરિસરમાં કન્સ્ટ્રક્શન સાઈટ પરથી નવજાત બાળકી મળી આવી

CCTV ફૂટેજ અને સ્થાનિક લોકોની પૂછપરછ દ્વારા બાળકીના વાલી-વારસોની શોધખોળ શરૂ કરવામાં આવી



(પ્રતિનિધિ) વડોદરા, તા.13
વડોદરામાં ફરી એકવાર કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. શહેરના ONGC પરિસરમાં આવેલી એક નિર્માણાધીન કન્સ્ટ્રક્શન સાઈટ પરથી આજે સવારે એક ત્યજી દેવાયેલી નવજાત બાળકી મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. જોકે, સ્થાનિકોની સમયસૂચકતાને કારણે માસૂમનો જીવ બચી ગયો છે. મળતી માહિતી મુજબ, ONGC પરિસરમાં ચાલી રહેલા બાંધકામની સાઈટ પર આજે સવારે કામદારો અને આસપાસના લોકો પસાર થઈ રહ્યા હતા, ત્યારે તેમને બાળકના રડવાનો અવાજ સંભળાયો હતો. અવાજની દિશામાં તપાસ કરતા ત્યાં એક નવજાત બાળકી બિનવારસી હાલતમાં મળી આવી હતી. અસુરક્ષિત જગ્યાએ પડેલી આ બાળકીને જોઈ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. બાળકીને જોતા જ સ્થાનિક લોકોએ જરા પણ વિલંબ કર્યા વગર તુરંત જ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. એમ્બ્યુલન્સના પેરામેડિકલ સ્ટાફે ઘટનાસ્થળે પહોંચી બાળકીને પ્રાથમિક તપાસ બાદ તાત્કાલિક સારવાર માટે વડોદરાની SSG હોસ્પિટલમાં ખસેડી હતી. હાલ બાળકીને SSG હોસ્પિટલના બાળ રોગ વિભાગમાં દાખલ કરવામાં આવી છે. તબીબી સૂત્રોના જણાવ્યા અનુસાર, બાળકીની તબિયત હાલ સ્થિર છે. નિષ્ણાત તબીબોની દેખરેખ હેઠળ તેને જરૂરી સારવાર અને પોષણ આપવામાં આવી રહ્યું છે. બીજી તરફ, આ માસૂમ બાળકીને કોણ અને કયા સંજોગોમાં અહીં છોડી ગયું છે, તે દિશામાં સ્થાનિક પોલીસ દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે. આસપાસના CCTV ફૂટેજ અને સ્થાનિક લોકોની પૂછપરછ દ્વારા બાળકીના વાલી-વારસોની શોધખોળ શરૂ કરવામાં આવી છે. ત્યારે સમાજમાં એક તરફ દીકરીઓને સમાન દરજ્જો આપવાની વાતો થાય છે, ત્યારે બીજી તરફ આવી ઘટનાઓ માનવતા સામે અનેક સવાલો ઉભા કરે છે.

કેનાલ પાસેથી એક્ટિવા અને બે મોબાઈલ મળી આવ્યા

# અંકોડીયા નર્મદા કેનાલમાં બે મિત્રો ડૂબ્યા, એકનો મૃતદેહ મળી આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
અંકોડીયા નર્મદા કેનાલના કિનારે એક્ટિવા અને બે મોબાઈલ ફોન મળી આવતા સ્થાનિક લોકો દ્વારા આ અંગેની જાણ કરવામાં આવતા વડીવાડી ફાયરબ્રિગેડના જવાનો દ્વારા કેનાલમાં શોધખોળ કરવામાં આવી હતી. દરમિયાન એસીનું કામ પૂરું કરી પરત ફરતા બે મિત્રો અચાનક કેનાલમાં પડી ગયા હોવાનું સામે આવ્યું છે. રાત્રે મોડે સુધી ચાલેલી તપાસ બાદ એકનો મૃતદેહ મળી આવ્યો છે. જ્યારે બીજા મિત્રની શોધખોળ હજુ પણ ચાલુ છે. પ્રાપ્ત માહિતી અનુસાર બંને મિત્રો એસીનું કામ કરીને રાત્રે પરત ફરી રહ્યા હતા. કેનાલના કિનારે પહોંચતા જ અચાનક તેઓ પડી ગયા હતા. જેનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. બનાવની જાણ થતાં વડી વાડી ફાયર બ્રિગેડની ટીમ તરત



ઘટનાસ્થળે પહોંચી શોધખોળ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ઘટનાસ્થળથી એક્ટિવા સહિત બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જેની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ ટીમ પણ સ્થળ પણ આવી પહોંચી હતી અને આગળની તપાસ શરૂ કરી દીધી છે. ફાયર બ્રિગેડ અને પોલીસની સંયુક્ત ટીમે રાતભર શોધખોળ કરી હતી. પરંતુ લાપતા બીજા યુવકની હજુ સુધી ભાળ મળી નથી. હાલ આ યુવકો કોણ છે અને કેવી રીતે કેનાલમાં પડ્યા તેની પણ કોઈ સચોટ માહિતી સામે આવી નથી.

સેન્ડવીચ ખાધા બાદ તક્ષશિલા હોટલમાં અચાનક બેહોશ થયા બાદ હોસ્પિટલમાં નિધન

# સયાજીગંજની હોટલમા સ્ત્રી મિત્ર સાથે આવેલા યુવકનું શંકાસ્પદ મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.11
વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલી હોટલમાં રોકાયેલા યુવાનનું શંકાસ્પદ પરિસ્થિતિમાં મોત થતા ચકચાર મચી ગઈ છે. રાત્રિના સમયે તબિયત બગડતા યુવકને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં આવેલી 601 હોટલમાં હરી શ્રેય બાલુભાઈ ચૌહાણ (ઉ.વ. 27, રહે. ઉના, જુનાગઢ) પોતાના મિત્ર સાથે 11 ફેબ્રુઆરી 2026ના રોજ રોકાયા હતા. મળતી માહિતી મુજબ રાત્રિના સમયે તેમણે સેન્ડવીચ ખાધા બાદ તેમની તબિયત અચાનક બગડી ગઈ હતી. તે દરમિયાન તેમને ત્રણથી ચાર



વખત ઉલ્ટી થઈ હતી અને બાદમાં તેઓને આંચકા આવ્યા હતા. પરિસ્થિતિ ગંભીર બનતા તેઓ બેહોશ થઈ ગયા હતા. મિત્ર દ્વારા પાણી પીવડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ પીધેલું પાણી પણ બહાર નીકળી ગયું હતું. યુવાનની સ્થિતિ નાજુક બનતા તેમને તાત્કાલિક સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં સયાજીગંજ પોલીસે લાશનો પોસ્ટમોર્ટમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે. હાલમાં મોતનું ચોક્કસ કારણ જાણવા માટે પીએમ રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે.

### યુવકનુ મોત હાર્ટ એટેકના કારણે થયુ: પી.આઇ.સ્વપ્નિલ પંડ્યા

સયાજીગંજ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર સ્વપ્નિલ પંડ્યા એ જણાવ્યું હતું કે હોટલમાંથી યુવકનો મૃતદેહ મળી આવતા પીએમ કરાવવા માટે મોકલવામાં આવ્યો હતો. યુવકનું હાર્ટ એટેકના કારણે મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે.

વડોદરામાં SRPની તાલીમ દરમિયાન જવાનનું અચાનક મોત નીપજ્યું

# પી.ટી.એસ પરેડ બાદ છાતીમાં દુખાવો થતાં જવાન ઢળી પડ્યો

સારવાર દરમિયાન તબીબોએ SSG હોસ્પિટલમાં જવાનને મૃત જાહેર કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
વડોદરામાં એસ આર પી તાલીમ દરમિયાન એક યુવાન જવાનનું અચાનક મોત થતાં ચકચાર મચી ગઈ છે. તિલકવાડાના રહેવાસી જવાનોને છાતીમાં એકાએક દુખાવો કોઈ સારવાર માટે એસએસસીમાં લઈ જતા ત્યાં જ થઈ ગયું છે. પોલીસે પીએમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે રાજપીપળા જિલ્લાના તિલકવાડાના રહેવાસી દીપક દિનેશ બારિયા (ઉંમર 29) SRP ગ્રુપ-1માં ભરતી પામ્યા હતા અને હાલમાં



વડોદરાના SRP ગ્રુપ-9 ખાતે તાલીમ લઈ રહ્યા હતા. તેઓ છેલ્લા ચાર અઠવાડિયાથી નિયમિત તાલીમમાં જોડાયા હતા. આજે સોમવારે સવારે નિયમિત પી.ટી. એસ પરેડ પૂર્ણ થયા બાદ તેઓ કપડાં બદલતા સમયે અચાનક છાતીમાં દુખાવાની ફરિયાદ કરી હતી. તેમણે પોતાના સાથી મિત્રને આ અંગે જાણ કરતાં બંને તરત જ ડિસ્પેન્સરી તરફ જવા નીકળ્યા હતા. જોકે, ડોક્ટરની ચેમ્બરની બહાર જ તેઓ અચાનક ઢળી પડ્યા હતા. તાત્કાલિક હાજર ડોક્ટર અને સ્ટાફ દ્વારા પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જવાનની સ્થિતિ ગંભીર જણાતા તેમને તાત્કાલિક SRPની એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. સયાજી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં સારવાર દરમિયાન ડોક્ટરોએ દીપક બારિયાને મૃત જાહેર કર્યા હતા. SRP ગ્રુપ-9ના ઈનચાર્જ સેનાપતિ ડી.બી. બામણીયાએ જણાવ્યું હતું કે, 15 માર્ચથી નવા ભરતી થયેલા જવાનોની તાલીમ શરૂ થઈ હતી. દીપક બારિયા નિયમિત રીતે તાલીમમાં આવતા હતા. આ બનાવ અંગે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

ભરતી પ્રક્રિયા બંધ રાખી દોષિતો વિરુદ્ધ કાયદેસરના પગલા ભરવાની માંગણી

# જેટકોની ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટની લેખિત પરીક્ષામાં ભ્રષ્ટાચારના આક્ષેપ

ગુજરાત એનર્જી એમ્પ્લોઈસ ટેક્નિકલ એસોસિએશન દ્વારા જીયુવીએનએલના એમડીને રજૂઆત

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
જેટકો દ્વારા ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટની લેખિત પરીક્ષામાં ભ્રષ્ટાચાર થવાના કારણે ભરતી પ્રક્રિયા બંધ રાખવા તેમજ દોષિત અને ભ્રષ્ટ અધિકારીઓ વિરુદ્ધ કાયદેસરના પગલા ભરવાની માંગણી સાથે ગુજરાત એનર્જી એમ્પ્લોઈસ ટેક્નિકલ એસોસિએશન દ્વારા જીયુવીએનએલના એમડીને રજૂઆત કરવામાં આવી છે. હાલમાં જેટકો કંપનીમાં ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટની લેખિત પરીક્ષાનું આયોજન જેટકો કંપની તરફથી તા.5 એપ્રિલના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં ઉમેદવારો દ્વારા પરીક્ષા આપવામાં આવી હતી. પરંતુ, 100 માર્કના પેપર માં આશરે 63 પ્રશ્નોનો જવાબ ફક્ત બી ઓપ્શન હતો. જેથી જેટકો કંપનીની આ ભરતી પરીક્ષામાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ ગુજરાત એનર્જી એમ્પ્લોઈસ ટેક્નિકલ એસોસિએશન દ્વારા કરવામાં આવ્યા છે. એસોસિએશન દ્વારા જણાવાયું છે કે, જેટકો કંપનીમાં ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની પરીક્ષામાં મોટા પાયે મોટા યુનિયન અને ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા સેટિંગ થઈ ગયેલ હોય તેવું લાગે છે. આ અગાઉની પણ જેટકોની ઈલેક્ટ્રીકલ આસિસ્ટન્ટની ભરતી વખતે પોલ ટેસ્ટ બાબતે છબરડા થયા હતા. તે સમયે અધિકારીઓને સસ્પેન્ડ કર્યા હતા અને જેટકોની પી.એ.-1 ની પણ ભ્રષ્ટ અધિકારીઓ દ્વારા ખોટી ભરતી થઈ હતી, જે પણ રદ કરવામાં આવી હતી. તો આ ભરતીના પણ જવાબદાર અધિકારીઓને સસ્પેન્ડ કરવા જોઈએ. વડાપ્રધાન તેમજ મુખ્યમંત્રીના નેક ઈરાદા અને ભ્રષ્ટાચાર મુક્ત ભારત અને ગુજરાત કરવાના આશયને પૂર્ણ કરવા માટે આ ભરતી પ્રકિયા બંધ રાખવા તથા આ ભરતી પ્રકિયામાં જેટલા ભ્રષ્ટ અધિકારીઓ સામેલ હોય તેઓની વિરુદ્ધ જેટકો કંપનીના નીતિ-નિયમ મુજબ સસ્પેન્ડ કરીને આગળની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી સાથે જીયુવીએનએલના એમડીને રજૂઆત કરવામાં આવી છે.

આકરી ગરમીમાં અરજદારો અટવાયા

# વડોદરા આરટીઓમાં સર્વર ખોટકાતા વાહનોની લાંબી લાઈન લાગી

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
વડોદરા આરટીઓ કચેરીમાં વાહન સંબંધિત વિવિધ કામકાજ માટે મોટી સંખ્યામાં અરજદારો આજે આરટીઓ કચેરી ખાતે પહોંચ્યા હતા. જોકે, અચાનક સર્વર ડાઉન થઈ જતા કામગીરી અટકી ગઈ હતી. જેના કારણે લાયસન્સ સહિતની પ્રક્રિયા તેમજ અન્ય કામગીરી માટે આવેલા અરજદારોને લાંબા સમય સુધી રાહ જોવી પડી હતી.

વડોદરા આરટીઓ કચેરીમાં સર્વર બંધ થઈ જતાં વિવિધ કામગીરી માટે આવેલા વાહન ચાલકોને આજે ભારે હાલાકી ભોગવવી પડી હતી. સર્વર બંધ રહેતાં કચેરી બહાર તેમજ પાર્કિંગ વિસ્તારમાં વાહનોની લાંબી લાઈન લાગી ગઈ હતી. અનેક લોકો સવારે સમયસર આવી ગયા હોવા છતાં બપોર સુધી તેમની કામગીરી પૂર્ણ થઈ શકી નહોતી. જેના કારણે નાગરિકોમાં નારાજગી જોવા મળી હતી. કેટલાક લોકોએ જણાવ્યું હતું કે આવી પરિસ્થિતિ સર્જાતા સમય અને કામ બંને બગડ્યા છે. આરટીઓ કચેરીના કર્મચારીઓ દ્વારા ટેકનિકલ ખામી દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

થોડા સમય બાદ સર્વર શરૂ થતાં કામગીરી ધીમે ધીમે શરૂ થઈ હતી. પરંતુ, ત્યાં સુધીમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થઈ જતા અવ્યવસ્થા સર્જાઈ હતી. નાગરિકોએ માંગ કરી હતી કે, આવી ટેકનિકલ સમસ્યાઓને ઝડપથી દૂર કરવા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે જેથી લોકોને હાલાકી ન ભોગવવી પડે.

વોર્ડ-10માં ભાજપમાં ભડકો

# અસંતુષ્ટ કાર્યકર્તાઓ દ્વારા 'ઉમેદવાર બદલો' ના પોસ્ટર લાગતા ખળભળાટ

ટિકિટ વિતરણથી નારાજ કાર્યકર્તાઓએ મધરાતે રોષ ઠાલવ્યો; અવની સ્ટેમ્પવાળા

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે જ વોર્ડ નંબર 10 માં ભારતીય જનતા પાર્ટીની આંતરિક ખેંચતાણ ચરમસીમાએ પહોંચી છે. પક્ષના જ અસંતુષ્ટ કાર્યકર્તાઓ દ્વારા ઉમેદવારની પસંદગી સામે ખુલ્લો મોરચો માંડવામાં આવ્યો છે. ગત મોડી રાત્રે વોર્ડના મુખ્ય માર્ગો અને સોસાયટીઓના ગેટ પર "ઉમેદવાર યોગ્ય નથી" તેવા લખાણ સાથેના પોસ્ટરો લગાડીને કાર્યકર્તાઓએ પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો છે. લાંબા સમયથી પક્ષ માટે પરસેવો પાડતા અસંતુષ્ટ કાર્યકર્તાઓમાં એવી ચર્ચા છે કે, વોર્ડ 10 માં અવની સ્ટેમ્પવાળાને ટિકિટ આપીને પક્ષે પાયાના સનિષ્ઠ કાર્યકરોની અવગણના કરી છે. કાર્યકર્તાઓનું માનવું છે કે આ પ્રકારની 'તાનાશાહી' આગામી પરિણામોમાં ભાજપ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા આ પોસ્ટરોએ ભાજપના સંગઠનમાં રહેલી તિરાડને જગજાહેર કરી દીધી છે. ઘટનાની જાણ થતા જ પક્ષની આબરૂ બચાવવા માટે નીતિન દોંગા (મામા) અને તેમની સમર્થક ટીમ તાત્કાલિક કાર્યરત થઈ હતી.

### કાર્યકર્તાઓનો 'પોસ્ટર વોર' કે પક્ષની પરીક્ષા?

જે પક્ષ પોતાની શિસ્ત માટે ઓળખાય છે, તે જ પક્ષમાં જ્યારે પોતાના જ કાર્યકર્તાઓ રસ્તા પર ઉતરી પોસ્ટરો લગાવે ત્યારે સંગઠન પર સવાલો ઉઠે તે સ્વાભાવિક છે. વોર્ડ 10 ના અસંતુષ્ટ કાર્યકર્તાઓનો આ મિજાજ શું ચૂંટણીના પરિણામો બદલી નાખશે? શું ભાજપ હાઈકમાન્ડ કાર્યકર્તાઓના આ સુપ્ત રોષને શાંત પાડવામાં સફળ રહેશે કે પછી આ આંતરિક બગાવત પક્ષના પતનનું કારણ બનશે?

અક્ષય તૃતીયા 2026 : કેટલીક રાશિઓના જાતકો માટે ધન, સંપત્તિ અને ઉન્નતિના ખુલશે દ્વાર

# શુભ દિવસે રચાઈ રહ્યો છે દુર્લભ 'ગજકેસરી યોગ', સોનામાં સુગંધ ભળશે!

19 એપ્રિલે અખાત્રીજના મહાસંયોગમાં મેષ, તુલા અને ધન રાશિના જાતકો પર થશે લક્ષ્મીજીની અવિરત કૃપા

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
હિન્દુ ધર્મમાં અક્ષય તૃતીયાના પર્વનું વિશેષ મહત્વ રહેલું છે. માનવામાં આવે છે કે આ દિવસે કરવામાં આવેલ દાન, પૂજા અને ખરીદીનું ફળ 'અક્ષય' રહે છે, એટલે કે તેનો ક્યારેય ક્ષય થતો નથી. આ વર્ષે 19 એપ્રિલ 2026ના રોજ અક્ષય તૃતીયા ઉજવવામાં આવશે. જ્યોતિષશાસ્ત્રની દ્રષ્ટિએ આ વર્ષની અક્ષય તૃતીયા અત્યંત ખાસ બની રહી છે, કારણ કે આ દિવસે આકાશમાં ચંદ્ર અને ગુરુની યુતિથી 'ગજકેસરી યોગ'નું નિર્માણ થઈ રહ્યું છે. આ શુભ




યોગને કારણે કેટલીક રાશિઓ માટે ધન-સંપત્તિ અને ઉન્નતિના યોગ બની રહ્યા છે. અક્ષય તૃતીયાએ વણજોયું મુહૂર્ત માનવામાં આવે છે. આ દિવસે નવા કાર્યોની શરૂઆત અને સોના-ચાંદીની ખરીદી શ્રેષ્ઠ ગણાય છે. આ વર્ષે સર્જાઈ રહેલો ગજકેસરી યોગ માન-સન્માન અને આર્થિક સમૃદ્ધિમાં વધારો કરનાર સાબિત થશે. જ્યોતિષીઓના જણાવ્યા મુજબ, આ યોગ ખાસ કરીને ત્રણ રાશિઓ માટે ભાગ્યોદય લાવનારો છે. આ રાશિઓને થશે વિશેષ લાભ:

**મેષ રાશિ:** મેષ રાશિના જાતકો માટે આ સમય કરિયરમાં નવી ઊંચાઈઓ સર કરવાનો છે. લાંબા સમયથી અટકેલા નાણાં પરત મળશે અને નવી નોકરીની ઉત્તમ તકો સર્જાશે. વિદેશ જવા ઈચ્છતા લોકોની મનોકામના પૂર્ણ થઈ શકે છે. આત્મવિશ્વાસમાં વધારો અને સ્વાસ્થ્યમાં સુધારો જોવા મળશે.

***તુલા રાશિ:** તુલા રાશિના જાતકો માટે ધન લાભના પ્રબળ યોગ છે. આવકના નવા સ્ત્રોત ઉભા થશે અને નોકરીમાં પ્રમોશન મળવાની પૂરી શક્યતા છે. જો તમે મકાન કે વાહન ખરીદવાનું વિચારી રહ્યા છો, તો આ શ્રેષ્ઠ સમય છે. પારિવારિક જીવનમાં મધુરતા રહેશે.

***ધન રાશિ:** આ રાશિના જાતકો માટે વેપારમાં મોટો ફાયદો થવાના સંકેત છે. કોઈ મોટા રોકાણથી ભવિષ્યમાં સારો નફો મળી શકે છે. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થશે અને પરિવારમાં કોઈ શુભ પ્રસંગ અથવા સમાચાર આવી શકે છે. નવો વ્યવસાય શરૂ કરવા માટે આ દિવસ અત્યંત ભાગ્યશાળી રહેશે.

### કેમ ખાસ છે આ અક્ષય તૃતીયા ?

અક્ષય તૃતીયા એટલે કે અખાત્રીજના દિવસે કરેલું પુણ્ય ક્યારેય ખૂટતું નથી. 19 એપ્રિલ 2026ના રોજ આવતી આ તિથિએ સોનાની ખરીદી ઉપરાંત દાન કરવાનું પણ અનેરું મહત્વ છે. આ વર્ષે ગુરુ અને ચંદ્રના મિલનથી બનતો 'ગજકેસરી રાજયોગ' સોનામાં સુગંધ ભળવા જેવું કામ કરશે. જ્યોતિષીઓના મતે, આ દિવસે કરેલી પૂજા-અર્ચનાથી ભક્તો પર માતા લક્ષ્મીની અવિરત કૃપા વરસશે અને આર્થિક તંગી દૂર થશે.

'ઓબીસી' કાર્ડ પર કોંગ્રેસનો જોરદાર પ્રહાર; ફોર્મ રદ કરવાની માંગ સાથે ભાજપ-કોંગ્રેસના નેતાઓ આમને-સામને

# ભાજપના ઉમેદવાર રણજીત રાજપૂતના જાતિ પ્રમાણપત્ર મુદ્દે હાઈવોલ્ટેજ ડ્રામા!

(પ્રતિનિધિ) વડોદરા, તા.13
વડોદરા મહાનગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ગઈકાલે ઉમેદવારી ફોર્મની ચકાસણી પ્રક્રિયા દરમિયાન વોર્ડ નંબર 6 ના ભાજપના ઉમેદવાર રણજીત રાજપૂતના જાતિ પ્રમાણપત્રને લઈને મોટો વિવાદ સર્જાયો હતો. આ મુદ્દે કોંગ્રેસ અને ભાજપના કાર્યકરો તેમજ નેતાઓ આમને-સામને આવી જતાં મ્યુનિસિપલ કચેરીમાં તંગદિલીભર્યા દ્રશ્યો જોવા મળ્યા હતા. મળતી માહિતી મુજબ, આગામી 26મી તારીખે યોજાનારી મહાનગરપાલિકાની ચૂંટણી માટે તમામ પક્ષોએ પોતાના ઉમેદવારી પત્રો ભરી દીધા હતા. જ્યારે ફોર્મની ચકાસણી હાથ ધરવામાં આવી ત્યારે વોર્ડ નં. 6 ના ભાજપના ઉમેદવાર રણજીત રાજપૂત દ્વારા રજૂ કરવામાં



આવેલ ઓબીસી કેટેગરીના પ્રમાણપત્ર સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. વિરોધ પક્ષનો દાવો છે કે, આ જ્ઞાતિ માત્ર અન્ય પ્રદેશોમાં જ ઓબીસી કેટેગરીમાં આવે છે. રાજ્ય સરકારની સ્પષ્ટ સૂચનાઓ છે કે આ જ્ઞાતિને ગુજરાતમાં ઓબીસી કેટેગરીનો લાભ મળી શકે નહીં.

આ ટેકનિકલ મુદ્દાને આગળ ધરીને કોંગ્રેસ દ્વારા રણજીત રાજપૂતનું ઉમેદવારી ફોર્મ રદ કરવાની ઉગ્ર માંગ કરવામાં આવી હતી. બીજી તરફ, ભાજપના ઉમેદવાર રણજીત રાજપૂતે આક્ષેપોને નકારી કાઢતા જણાવ્યું હતું કે, તેઓ 1999 થી 2004 સુધી કોલેજ કાળ દરમિયાન એલ.સી. માં ભલે જનરલ કેટેગરીમાં રહ્યા હોય, પરંતુ હાલના નિયમો મુજબ તેમની પાસે માન્ય પ્રમાણપત્રો છે. ફોર્મ સ્વીકારવા કે રદ કરવા બાબતે બંને પક્ષો વચ્ચે કલાકો સુધી દલીલો ચાલી હતી. ચૂંટણી અધિકારી સમક્ષ બંને પક્ષોએ સામસામે લેખિત રજૂઆતો કરી છે.